# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

**પરિપત્ર નં ૯૨ તા.૧૪-૧૦-૧૭**

**ચૂંટણી અનુલક્ષી કામગીરી ટોચઅગ્રિમતા/સમયમર્યાદા**

ફક્ત મ્યુનિ. શાળાઓ માટે જ :-

**વિષયઃ- મતદાર યાદી તથા EVM અને VVPAT જાગૃતિ સંલગ્ન કામગીરી અંગે.**

**સંદર્ભ :- ચીફ ઈલેકશન ઓફિસર,ગુજરાત રાજ્યનાં પત્ર ક્રમાંક.ઈએલઆર-૧૦૧૭-૩૯૩૪-છ તા.૭-૧૦-૧૭ના પત્ર અન્વયે.(મતદારયાદી સુધારણા કાર્યક્રમ-૨૦૧૭)**

આથી તમામ મ્યુનિ.શાળાનાં મુખ્ય શિક્ષકશ્રીઓને જણાવવાનું કે મુખ્ય ચૂંટણી અધિકારી, ગુજરાત રાજ્ય દ્વારા મતદારયાદી સુધારણા કાર્યક્રમ-૨૦૧૭ અંતર્ગત ઈએલઆર- ૧૦૧૭-૩૯૩૪-છ તા.૭-૧૦-૧૭ ના પત્ર મુજબ મતદાર યાદી EVM અને VVPAT જાગૃતિ સંલગ્ન વિવિધ કામગીરીઓ સોંપવામાં આવેલ છે. આ અંગે તા.૯-૧૦-૧૭ થી તા.૨૫-૧૦-૧૭ દરમ્યાન બી.એલ.ઓ.ના પોતાના ભાગમાં સમાવિષ્ઠ વિસ્તારમાં રૂબરૂ મુલાકાત લઈ આ સાથે સામેલ પત્રમાં જણાવેલ સૂચના નં.૧ થી ૬ સુધીની કામગીરી શબ્દસહઃ પૂર્ણ કરવાની રહેશે. આ કામગીરી ચૂંટણીને અનુલક્ષીને કરવાની થતી હોઈ જવાબદારીપૂર્વક અને સંતોષકારક રીતે બજાવવાની રહેશે. આ પરિપત્રની નોંધ શાળાના મુખ્ય શિક્ષકે તમામ સ્ટાફને લેવડાવવી.

તા.૧૪-૧૦-૧૭

ડૉ. એલ.ડી.દેસાઈ
શાસનાધિકારી

ELECTION
IMMEDIATE

Phone : 079-23256731
079-23250456
Fax No. : 079-23250324
079-23250319

# OFFICE OF THE
# CHIEF ELECTORAL OFFICER

GUJARAT STATE
General Administration Department (Election Division)
Sardar Bhavan, Block No. 7, 2nd floor, Sachivalaya, Gandhinagar-382 010.

ક્રમાંક : ઇએલઆર-૧૦૧૭-૩૯૩૪-છ

તા.૦૭-૧૦-૨૦૧૭

પ્રતિ,
સર્વે જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેકટરશ્રીઓ,

વિષયઃ- મતદારયાદી તથા EVM અને VVPAT જાગૃતિ સંલગ્ન કામગીરીઓ અંગે.

આપ સુવિદિત છો કે મતદારયાદી સુધારણા કાર્યક્રમ-૨૦૧૭ (તા.૦૧-૦૭-૨૦૧૭ થી તા.૩૧-૦૭-૨૦૧૭) દરમિયાન હક્ક-દાવા અને વાંધા અરજીઓનાં ફોર્મ નં.૬, ૭, ૮, ૮-ક મેળવવા ઉપરાંત BLO રજિસ્ટરની વિગતોની ચકાસણી તથા અન્ય કેટલીક આનુષાંગિક કામગીરીઓ જેવી કે PWD મતદારો, A/S/D મતદારો, મોબાઇલ નંબર મેળવવા વિગેરે બાબતે કાર્યવાહી કરવામાં આવેલ છે.

તાજેતરમાં ચૂંટણી પંચ, નવી દિલ્હી ખાતે મતદારયાદી તથા ચૂંટણી પૂર્વ તૈયારીઓ અંગે ગુજરાત રાજયની કામગીરીઓ પરત્વે સમિક્ષા-બેઠક યોજવામાં આવેલ. ગુજરાત વિધાનસભાની સામાન્ય ચૂંટણી નજીકનાં ભવિષ્યમાં યોજાનાર હોય, સદરહુ બેઠકમાં થયેલ ચર્ચા તથા આપવામાં આવેલ સૂચનાઓ ધ્યાને લેતાં બૂથ લેવલ ઓફિસર દ્વારા પોતાના વિસ્તારમાં ઘરોની મુલાકાત લઇ, નીચે દર્શાવેલ બાબતો પરત્વે કાર્યવાહી કરવા વિનંતી છે.

(૧) બી.એલ.ઓ. દ્વારા *તા.૦૯/૧૦/૨૦૧૭ થી તા.૨૫/૧૦/૨૦૧૭ દરમીયાન* પોતાના ભાગમાં સમાવિષ્ટ વિસ્તારમાં પ્રત્યેક ઘરની રૂબરૂ મુલાકાત લેવાની રહેશે.

(૨) મતદાર યાદી સુધારણા કાર્યક્રમ દરમિયાન આપવામાં આવેલ બી.એલ.ઓ. રજીસ્ટર ફરીથી બી.એલ.ઓ. ને સોંપવાનું રહેશે. *(નવું રજીસ્ટર છાપવાનું નથી પરંતુ અગાઉનું જ રજિસ્ટર સોંપવાનું છે.)* ઉપરાંત, ગત સુધારણા કાર્યક્રમને અંતે તૈયાર થયેલ પુરવણીયાદી પણ સોંપવાની રહેશે.

(૩) બુથ લેવલ ઓફિસરોને રજિસ્ટર સોંપતા પહેલાં, ગત સુધારણા કાર્યક્રમ દરમીયાન રજિસ્ટરમાં બુથ લેવલ ઓફિસરો દ્વારા નોંધવામાં આવેલ A/S/D, PwD, મોબાઈલ નંબર્ની વિગતોની ERMS માં ડેટા એન્ટ્રીની કામગીરી મતદાર નોંધણી અધિકારીએ પૂર્ણ કરી લેવાની રહેશે.

(૪) માન્ય રાજકીય પક્ષ તરફથી જો કોઇ વિધાનસભા મતવિભાગની મતદાર યાદીના ભાગ માટે BLA ની નિમણૂંક કરવામાં આવી હોય તો જે તે ભાગના BLA તથા BLO ને સાથે રાખીને ERO

દ્વારા આ કાર્યક્રમ શરૂ થતા પહેલા એક મિટીંગ યોજીને વિગતવાર માહિતી/સૂચનાઓ આપવાની રહેશે. (૬.૪)

(૫) બી.એલ.ઓ. રજિસ્ટરમાં નીચે દર્શાવેલ દરેક ફેરફાર / નવી નોંધ ***ફકત લીલા રંગની શાહીવાળી પેનથી જ*** કરવાની રહેશે.

(૬) ઘરની મુલાકાત દરમીયાન નીચે દર્શાવેલ મુદ્દાઓ પરત્વે કાર્યવાહી કરવાની રહેશે.

(૬.૧) <u>ફોર્મ પરત્વે નિર્ણયની જાણ:-</u>

- ગત સુધારણા કાર્યક્રમ દરમીયાન મેળવેલ હક-દાવા અને વાંધા અરજીઓનાં ફોર્મ (નં.૬, ૬ક, ૭, ૮, ૮ક) પરત્વે સ્વિકાર/ અસ્વિકાર અંગે લેવાયેલ આખરી નિર્ણયની અરજદારને જાણ માટે ERMS પરથી પ્રત્યેક અરજદારદીઠ ***જનરેટેડ પત્ર, સંબંધિત અરજદારને પહોંચાડવાનો રહેશે.***
- આવો પત્ર અરજદારને પાઠવ્યા બદલ એટલે કે ફોર્મ પરત્વે ERO એ કરેલ નિર્ણયની જાણ કર્યા બદલ અલગથી તૈયાર કરવામાં આવેલ ***યાદીમાં સંબંધિત અરજદારની સહી મેળવવાની રહેશે.*** પ્રત્યેક ભાગ દીઠ આવી યાદી ERMS પર ઉપલબ્ધ કરાવવામાં આવી રહી છે, જેની પ્રિન્ટ કાઢીને ERO એ BLOને આપવાની રહેશે. ગુજરાત વિધાનસભાની સામાન્ય ચૂંટણીઓ તાજેતરમાં યોજાનાર હોય, નામ કમી/દાખલ કરવા બાબતે કોઇ ફરિયાદ કે પ્રશ્ન ઉપસ્થિત થવાનાં સંજોગોમાં આ યાદી પુરાવારૂપે અગત્યનો દસ્તાવેજ બની રહે તેમ હોય, ***ERO એ રેકર્ડ સ્વરૂપે સાચવવાનું રહેશે.*** (૬.૫)
- જે કિસ્સામાં ઘર બંધ હોય/ કુટુંબ સાથે સ્થળાંતર કરેલ હોય તો તેવા કિસ્સામાં સંબંધિત સરનામાનાં સ્થળે આવો જનરેટેડ પત્ર ચોંટાડીને રોજકામ કરવાનું રહેશે.

(૬.૨) <u>નામ ઉમેરવા અંગે :-</u>

- મતદારયાદીમાં નામ ઉમેરવા માટે ફોર્મ નં.૬ મેળવવાનું કોઇ કારણસર બાકી રહી ગયેલ હોય તેવા લાયક નાગરિકોના નામ સતત સુધારણા હેઠળ દાખલ કરવા માટે ફોર્મ નં.૬ મેળવવાનાં રહેશે.
- ગત સુધારણા કાર્યક્રમ દરમીયાન મળેલ ફોર્મ (ફિઝીકલ + ઓનલાઇન) પૈકી નામંજુર કરેલ ફોર્મ પરત્વે સંબંધિત મતદાર/ અરજદારનો સંપર્ક કરી, નામંજુરનાં કારણની જોગવાઇ અનુસાર પૂર્તતા થઇ શકે તેમ હોય તો પૂર્તતા સાથે ***નવેસરથી ફોર્મ નં. ૬ મેળવી લેવાનું રહેશે.***
- મતદારયાદીમાં નામ દાલખ કરવાપાત્ર કોઇ લાયક નાગરિકનું ફોર્મ નં.૬ મેળવવાનું બાકી ન રહે તે બાબત જિલ્લા ચૂંટણી અધિકારી અને મતદાર નોંધણી અધિકારીઓએ ખાસ કાળજી લેવાની રહેશે.

(૬.3) <u>EPIC નું વિતરણ :-</u>

- મતદારયાદીમાં પ્રથમ વખત નામ દાખલ થયેલ છે તેવા મતદારોને પ્રિ-પ્રિન્ટેડ નમૂના નં. EPIC-007B માં સહી મેળવીને ઘરોની મુલાકાત દરમીયાન EPIC રૂબરૂ

સોંપવાના રહેશે.

- BLO દ્વારા ઘરોની મુલાકાત પહેલાં ERO એ આવા EPIC તૈયાર કરીને BLOને સોંપી દેવાના રહેશે.

(૬.૪) <u>A/S/D (ગેરહાજર/ સ્થળાંતરિત/ મૃત) મતદારો અંગે.</u>

- ગત કાર્યક્રમ દરમીયાન ગેરહાજર / સ્થળાંતરિત/ મૃત માલુમ પડેલ હોય તેવા મતદારો પરત્વે રજિસ્ટરની કોલમ નં.૯ માં અનુક્રમે A/S/D ની લાગુ પડતી નોંધ બી.એલ.ઓ. દ્વારા કરવા સૂચના આપવામાં આવેલ.
- રજિસ્ટરની આવી નોંધ પરથી ERMS માં સંબંધિત કિસ્સામાં A/S/D નું ફ્લેગિંગ ERO એ કરી લેવાનું રહેશે.
- ઘરની મુલાકાત દરમીયાન બી.એલ.ઓ. એ રજિસ્ટરમાં થયેલ આવી નોંધ પરત્વે ફરીથી ચોકસાઇપૂર્વક ખરાઇ કરવાની રહેશે. જે કિસ્સામાં ***અગાઉની નોંધ પરત્વે ફેરફાર કરવાની આવશ્યકતા જણાય તેવા કિસ્સામાં*** લીલી શાહીવાળી પેનથી નવો ફેરફાર નોંધવાનો રહેશે. *ઉપરાંત* અગાઉની થયેલ નોંધ સિવાયનાં કોઇ કિસ્સામાં A/S/D પૈકી લાગુ પડતી ***કોઇ નવી નોંધ કરવાની જરૂર જણાય*** તો પણ લીલા કલરની પેનથી A/S/D પૈકી લાગુ સંજ્ઞા લખવાની રહેશે.
- EROએ આ ફેરફાર થયેલ / નવી દાખલ થયેલ નોંધ પરત્વે પણ ERMSમાં અસર આપવાની રહેશે.

(૬.૫) <u>PWD મતદારો અંગે :-</u>

- ગત કાર્યક્રમ દરમિયાન અક્ષમ વ્યક્તિઓ (PWD) અંગે વિગતવાર સૂચનાઓ આપવામાં આવેલ. જેમાં :-
  - બી.એલ.ઓ. એ અગાઉ પ્રાપ્ત કરેલ માહિતીનાં આધારે ગત કાર્યક્રમ દરમીયાન બી.એલ.ઓ. રજિસ્ટરની કોલમ નં.૮ માં લાગુ કિસ્સામાં અક્ષમતાની કક્ષા (A થી I પૈકી) અગાઉથી પ્રિન્ટ કરીને આપવામાં આવેલ.
  - ઉપરાંત, ગત કાર્યક્રમ દરમીયાન રૂબરૂ મુલાકાત સમયે PWD માલુમ પડેલ હોય તેવા મતદારો પરત્વે કોલમ નં.૮ માં અક્ષમતાની લાગુ પડતી કક્ષા પેનથી લખવા સૂચના આપેલ.
- ગત કાર્યક્રમ દરમિયાન આવા PWD મતદારોને મતદાનનાં દિવસે કયા પ્રકારની સહાયની (વ્હીલચેર/સાથી/અન્ય) જરૂર પડશે તે અંગે અલગથી નિયત ફોર્મમાં આવી માહિતી મેળવવાની સૂચના આપેલ.
- તે સિવાય જેમાં PWDની વિગત દર્શાવેલ હોય તેવા નવા મેળવેલ ફોર્મ નં.૬ પૈકી જેનાં નામ મતદારયાદીમાં દાખલ થયેલ હોય તેવા PWD મતદારો પાસેથી પણ નિયત ફોર્મમાં સહાય અંગેની માહિતી મેળવવા સૂચના આપવામાં આવેલ.
- બી.એલ.ઓ. એ રજિસ્ટરમાં તથા હાલની પુરવણીયાદીમાં PWD દર્શાવેલ મતદારો

પરત્વે ફરીથી કાળજીપૂર્વક ચકાસણી કરવાની રહેશે.

- જે કિસ્સામાં હયાત નોંધમાં ફેરફાર કરવાનો થાય અથવા નોંધ કરવાની બાકી રહી ગયેલ જણાય, તો લીલા રંગની પેનથી જરૂરી સુધારો / નવી નોંધ (PWD ની લાગુ કક્ષા) રજિસ્ટરની કોલમ નં.૮ માં દર્શાવવાની રહેશે. અને નવી નોંધનાં કિસ્સામાં તથા અગાઉની નોંધ પરત્વે બાકી રહેલ કિસ્સામાં નિયત નમૂનામાં મતદાનનાં દિવસે જરૂરી સહાય અંગેની માહિતી મેળવવાની રહેશે. EROએ નિયત નમૂનાનાં કોરા ફોર્મ BLOને પૂરા પાડવાનાં રહેશે.
- ERO એ રજિસ્ટરની કોલમ નં.૮ માં આવી લીલા રંગથી કરેલ તમામ નોંધો પરત્વે ERMS માં જરૂરી અસર આપવાની રહેશે. તેમજ PWD તરીકે ઓળખ થયેલ તમામ કિસ્સામાં મતદાનનાં દિવસે જરૂરી સહાય અંગેની માહિતિનું ફોર્મ મેળવી લીધાની ખાતરી EROએ કરી લેવાની રહેશે.

(૬.૬) મતદારોનાં સંપર્ક નંબર અંગે :-

- રજિસ્ટરની કોલમ નં.૭ માં મતદાર જણાવે તો તેનો સંપર્ક/ મોબાઇલ નંબર લખવા સૂચના આપવામાં આવેલ.
- મતદારયાદી કાર્યક્રમ અનુસંધાને તેમજ ચૂંટણી પ્રકિયા દરમીયાન જરૂરી સંદેશ મતદાર સુધી પહોંચાડવા ચૂંટણી પંચ પ્રયત્નશીલ હોય છે. આ હેતુ ધ્યાને લેતાં મતદારને સંપર્ક નંબર અંગેનાં ચૂંટણી પંચનાં ઉદ્દેશની યોગ્ય સમજ આપી, મતદાર જણાવે તો લીલા રંગની પેનથી કોલમ નં.૭ માં મોબાઇલ નંબર મેળવવા બી.એલ.ઓ. એ પ્રયત્ન કરવા જોઇએ. ઘરમાં સમાવિષ્ટ મતદારો પૈકી ઓછામાં ઓછા એક મતદારનો મોબાઇલ નંબર મતદાર દ્વારા ઉપલબ્ધ કરાવવામાં આવે તે ઇચ્છનીય છે.
- મોબાઇલ નંબર પરત્વેની કોલમ નં.૭ ની નોંધની અસર ERMS માં ERO એ આપવાની રહેશે.

(૬.૭) EVM તથા VVPATની જાગૃતિ અંગે :-

- આગામી ગુજરાત વિધાનસભા સામાન્ય ચૂંટણી-૨૦૧૭ માં રાજયમાં સૌ પ્રથમવાર તમામ મતદાન મથકો પર EVM ની સાથે VVPAT નો ઉપયોગ થનાર હોય, મતદારોમાં આ બાબતે જાગૃતિ લાવવી જરૂરી છે. જે હેતુથી અત્રેથીતા.૨૭-૦૯-૨૦૧૭ ના પત્ર ક્રમાંકઃઇએલસી-૧૦૨૦૧૭-૧૧૬૧-છ (SVEEP) દ્વારા વિગતે સૂચનાઓ આપવામાં આવેલ છે. જે પત્રની સાથે EVM તથા VVPAT ના ઉપયોગ અંગેના માહિતિસભર બે પોસ્ટર્સની jpg અને cdr કોપી પણ ftp પર મૂકવામાં આવેલ.
- સદરહુ બે પોસ્ટર્સ પૈકી ફકત "વીજાણું મતદાન યંત્ર તથા વીવીપેટ દ્વારા આપનો મત કેવી રીતે આપશો?" ડીઝાઇન ધરાવતા એક પોસ્ટર (જેની નકલ સામેલ છે) નાં પેમ્ફલેટની જરૂર પૂરતી નકલો નાણાંકીય નિયમો અનુસરીને જિલ્લા સંચાલ...

અધિકારીએ સ્થાનિકે રીતે છપાવીને EROs ને આપવાની રહેશે.

- ઘરની મુલાકાત દરમીયાન બી.એલ.ઓ. મતદારયાદીનાં *પ્રત્યેક ઘરદીઠ એક પેમ્ફલેટનું* વિતરણ કરવાનું રહેશે. EROએ જે-તે ભાગમાં સમાવિષ્ટ ઘરોની સંખ્યા જેટલા આવા પેમ્ફલેટ BLO ને આપવાનાં રહેશે. આ હેતુથી વિધાનસભા મતદાર વિભાગમાં સમાવિષ્ટ ઘરોની અંદાજીત સંખ્યાની વિગત અત્રેના કોમ્પ્યુટર સેન્ટર દ્વારા અલગથી પૂરી પાડવામાં આવી રહેલ છે.

સદર કામગીરી સોંપતા પહેલાં બી.એલ.ઓ.ને આગામી ગુજરાત વિધાનસભાની સામાન્ય ચૂંટણીઓ-૨૦૧૭ અનુસંધાને આ પ્રત્યેક મુદ્દાની અગત્યતા બાબતે સંવેદનશીલ કરવા તથા પૂરતી સમજ સાથે સમયમર્યાદામાં કામગીરી પૂર્ણ કરવા સર્વે સબંધિતોને અનુરોધ છે.

ઉપર દર્શાવેલ પ્રત્યેક મુદ્દાઓ પરત્વે ગુણવત્તાયુકત અને સમયમર્યાદામાં કામગીરી કરવામાં આવે તે અંગે વિધાનસભા મતદાર વિભાગમાં સબંધિત મતદાર નોંધણી અધિકારીની અને સમગ્ર જિલ્લામાં જિલ્લા ચૂંટણી અધિકારીની જવાબદારી રહેશે.

(બી. બી. સ્વૈન)
મુખ્ય નિર્વાચન અધિકારી,
ગુજરાત રાજય.